આર.ટી.આઇ.બાબત

કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી
બ્લોક નં.૨૦,ડૉ જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
ફોન નં:૦૭૯-૨૩૨ ૫૧૭૧૪
ફોન નં અને ફેક્સ નં:૦૭૯-૨૩૨ ૫૧૭૧૬
Email ID- mo-icds-wcd@gujarat.gov.in

નં.કમબ/મકમ/આર.ટી.આઈ./૮૫૨૭ થી ૮૫૯૭/૨૦૨૧ તા. ૨૮/૧૦/૨૦૨૧

વંચાણે લીધા

૧) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૫(૧) અને કલમ-૧૯(૧) જોગવાઈ

૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક: કમબ/મકમ/દહજ/આર.ટી.આઈ./૪૫/૧૬ તા.૦૫/૦૩/૨૦૧૬

3) સામાન્ય વહિવટ વિભાગના પરીપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૩/૪૪/આર.ટી.આઈ.સેલ તા.૧૦/૦૩/૨૦૨૧

કાર્યાલય આદેશ

આમુખ (૧) ના માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઓને આધીન આમુખ (૨) ના આદેશથી દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી વર્ગ-૨ને માહિતી અધિકાર અધિનિયમ હેઠળ "જાહેર માહિતી અધિકારી" તરીકે જાહેર કરવામાં આવેલ અને તેના અપીલ અધિકારી તરીકે અધિક કમિશ્નર (મહિલા વિંગ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીને જાહેર કરેલ હતા.

જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ અધિકારી વર્ગ-૧ ની નિમણૂંક થયેલ હોય જેથી આમુખ (૧) અને (૩)ની જોગવાઈઓ અન્વયે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી તરીકે 'દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી વર્ગ-૨'ને યથાવત રાખી તેના અપીલ અધિકારી તરીકે અધિક કમિશ્નર (મહિલા વિંગ) ને રદ્દ કરી મહિલા અને બાળ અધિકારી, વર્ગ-૧ ને અપીલ અધિકારી જાહેર કરવામાં આવે છે.

*ફાઇલ પરના માન.કમિશનરશ્રીના તા.૨૦/૧૦/૨૦૨૧ના આદેશ મુજબ

૨૮.૧૦.૨૧

અધિક કમિશ્નર
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

પ્રતિ,

૧) મહિલા અને બાળ અધિકારીશ્રી, વર્ગ-૧ તમામ

૨) દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી, વર્ગ-૨ તમામ

3) અત્રેની કચેરીના જાહેર માહિતી અધિકારીશ્રી તમામ

નકલ સવિનય રવાના

૧) માન.કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ્લોક નં-૯, સરદાર ભવન, ગાંધીનગર